# જેક્વારે યુરો સિરામિક્સનું યુનિટ ખરીદ્યું

## જેક્વારે ₹100 કરોડનો સોદો કર્યો, વિસ્તરણ પાછળ ₹310 કરોડ રોકશે



### જેક્વારનો જૂથ માટે ફાયદાકારક સોદો

- કંપની આ યુનિટમાં ચાલુ નાણાંકીય વર્ષમાં ક્ષમતા વિસ્તરણ માટે વધુ ₹૮૦ કરોડનું રોકાણ કરશે
- કંપની રાજસ્થાનના ભિવાડીમાં ₹૧૦૦ કરોડથી વધુના રોકાણ સાથે લાઈટીંગ સોલ્યુશન્સ માટે નવો પ્લાન્ટ સ્થાપિત કરી રહી છે
- કંપની ₹૧૨૫ કરોડના રોકાણ સાથે ફોસેટ ઉત્પાદન યુનિટની ક્ષમતા પણ વધારશે.
- ચાલુ વર્ષે જૂથનું વેચાણ ₹૨,૭૫૦ કરોડથી વધારી ₹૩,૫૦૦ કરોડ કરાશે

ઇટી બ્યુરો
અમદાવાદ

અગ્રણી સેનિટરી વેર કંપની જેક્વારે યુરો સિરામિક્સના કચ્છના ભચાઉ સ્થિત યુનિટને ₹૧૦૦ કરોડમાં હસ્તગત કર્યું છે. કંપની આ યુનિટમાં ચાલુ નાણાંકીય વર્ષમાં ક્ષમતા વિસ્તરણ માટે વધુ ₹૮૦ કરોડનું રોકાણ કરશે. આ ઉપરાંત કંપની રાજસ્થાનના ભિવાડીમાં ₹૧૦૦ કરોડથી વધુના રોકાણ સાથે લાઈટીંગ સોલ્યુશન્સ માટે નવો પ્લાન્ટ સ્થાપિત કરી રહી છે અને ₹૧૨૫ કરોડના રોકાણ સાથે ફોસેટ ઉત્પાદન યુનિટની ક્ષમતા પણ વધારશે.

જેક્વાર ગ્રૂપના પ્રમોટર અને ડાયરેક્ટર રાજેશ મહેરાએ જણાવ્યું હતું કે, "અમે છેલ્લાં પાંચ વર્ષમાં ઉત્પાદન ક્ષમતા વિસ્તારવા માટે લગભગ ₹૫૦૦ કરોડનું રોકાણ કર્યું છે અને વધુ મજબૂત હાજરી માટે નવો પ્લાન્ટ ખરીદ્યો છે. અત્યાર સુધી યુરો સિરામિક પાસે અમે સેનિટરી વેરનું આઉટસોર્સિંગ કરાવતા હતા અને હવે તેનો ૧૭ એકરમાં ફેલાયેલો પ્લાન્ટ હસ્તગત કર્યા બાદ અમે તેની ક્ષમતા હાલના ૧૨ લાખ પીસ પ્રતિ વર્ષની ઉત્પાદન ક્ષમતાને આગામી માર્ચ સુધીમાં ₹૮૦ કરોડના રોકાણ દ્વારા વધારીને ૧૮ લાખ પીસ સુધી લઈ જઈશું. આ પ્લાન્ટ ભારત તથા એશિયાના સૌથી મોટા સેનિટરી વેર પ્લાન્ટ્સમાં સ્થાન પામશે. યુરો સિરામિકનો પ્લાન્ટ હસ્તગત કર્યા બાદ અમારા ઉત્પાદન યુનિટોની સંખ્યા પાંચ થઈ છે અને ગુજરાતમાં આ અમારું પ્રથમ યુનિટ છે. અમે ચાલુ નાણાંકીય વર્ષમાં જૂથનું કુલ વેચાણ ₹૨,૭૫૦ કરોડથી વધારીને ₹૩,૫૦૦ કરોડ પર પહોંચાડીશું."

તેમણે કહ્યું હતું કે જેક્વાર ગ્રૂપ લાઈટિંગ સોલ્યુશન્સ બિઝનેસ પર ધ્યાન કેન્દ્રિત કરશે અને તે માટે રાજસ્થાનના ભિવાડીમાં ખાસ પ્લાન્ટ સ્થાપવામાં આવી રહ્યો છે, જેમાં ₹૧૦૦ કરોડથી વધુનું રોકાણ કરવામાં આવશે. ગયા વર્ષે લાઈટીંગ સોલ્યુશન્સ પ્રોડક્ટ્સ દ્વારા કંપનીએ ₹૧૦૦ કરોડની આવક મેળવી હતી અને ચાલુ વર્ષે તે વધીને ₹૩૫૦ કરોડ પર પહોંચવાની ધારણા છે.

કંપનીએ ગયા વર્ષે દક્ષિણ કોરિયામાં પણ એક કંપનીનું હસ્તાંતરણ કર્યું હતું અને હાલમાં કંપની ૪૦ દેશોમાં નિકાસ કરે છે. ડિસેમ્બર સુધીમાં કંપની ૫૦ દેશોના બજારમાં પહોંચવાની યોજના ધરાવે છે.

ગયા નાણાંકીય વર્ષમાં કંપનીએ ₹૫૫ કરોડની નિકાસ કરી હતી, જે ચાલુ નાણાંકીય વર્ષના અંતે ₹૧૨૦ કરોડ થશે અને ૨૦૨૦ સુધીમાં કંપની ₹૬૦૦ કરોડની નિકાસ આવક મેળવવાની યોજના ધરાવે છે. આ ડીલ સાથે જેક્વાર જૂથના ભારતમાં પાંચ અને સાઉથ કોરિયામાં એક ઉત્પાદન એકમ થઈ જશે.